3. તમારા બાળકની ઓડિયોલોજી ક્લિનિકની મુલાકાત

માતાપિતા માટે માહિતી

3. Your Baby's Visit to the Audiology Clinic - Gujarati

NHS
NEWBORN HEARING
SCREENING PROGRAMME
ન્યૂબોર્ન હિઅરીંગ સ્કીનિંગ પ્રોગ્રામ

ન્યૂબોર્ન હિઅરીંગ સ્ક્રીનિંગ પ્રોગ્રામ

તમારા બાળકને તેની સાંભળવાની શક્તિની વધારે તપાસ કરવા માટે ઓડિયોલોજી ક્લિનિકમાં લઈ જવાની તમને ભલામણ કરવામાં આવી છે. આ તપાસ કરવાની શા માટે જરૂર છે અને તેમાં શું કરવામાં આવે છે તે આ પત્રિકામાં સમજાવવામાં આવ્યું છે.

ઓડિયોલોજી ક્લિનિક એ સામાન્ય રીતે સ્થાનિક હોસ્પિટલનો એક ભાગ હોય છે અને તેમાં ખાસ સાધન હોય છે જેનાથી તમારા બાળકની સાંભળવાની શક્તિની તપાસ કરી શકાય છે. ઓડિયોલોજી ક્લિનિકમાં કરવામાં આવતી તપાસથી તમને અને ઓડિયોલોજિસ્ટને તમારા બાળકની સાંભળવાની શક્તિ વિશે વધારે સારી માહિતી મળી રહેશે. ઓડિયોલોજિસ્ટ એટલે સાંભળવાની શક્તિ અંગેના નિષ્ણાત.

વહેલી તપાસ એટલા માટે કરવામાં આવે છે કે જો બાળકને સાંભળવાની તકલીફ હોય તો માતાપિતાને બાળક ખૂબ જ નાનું હોય ત્યારથી ખબર પડી જાય. આ બાળકના વિકાસ માટે અગત્યનું હોવાનું માનવામાં આવે છે. એનો અર્થ એ પણ થાય કે માતાપિતાને જરૂરી સહાયતા અને માહિતી તેમને વહેલી મળી રહે.

મારા બાળકની બીજી વધારે તપાસ કરવાની શા માટે જરૂર છે?

ઘણાં બાળકોની વધારે આગળ તપાસ કરવાની જરૂર પડે છે કારણ કે પહેલી બે તપાસો દરમ્યાન એક અથવા બંને કાનમાંથી પૂરતો શક્તિશાળી જવાબ મળ્યો હોતો નથી. આ સામાન્ય છે અને તે ઘણી જુદી જુદી બાબતોને કારણે હોઈ શકે છે. બની શકે કે પરીક્ષણ કે તપાસ કરવામાં આવી હોય તે સમયે બાળક ખૂબ જ અસ્વસ્થ હોય. જન્મ બાદ તેના કાનમાં પ્રવાહી કે થોડા સમય માટે કશો કચરો ભરાયો હોય. જ્યાં તપાસ કરવામાં આવી હોય તે રૂમમાં બહારના બીજા ઘણા બધા આવજો આવતા હોય. બીજી વધારે તપાસ માટે મોકલવામાં આવે એટલે એનો અર્થ એવો થવો જરૂરી નથી કે તમારા બાળકને સાંભળવાની તકલીફ છે.

મારા બાળકને સાંભળવાની તકલીફ હોવાની શક્યતાઓ કેટલી છે?

ઓડિયોલોજી ક્લિનિકમાં તપાસ કરવામાં આવતાં મોટા ભાગનાં બાળકોને સાંભળવાની કોઈ તકલીફ હોતી નથી. તેમ છતાં તમારા બાળકને કદાચ સાંભળવાની તકલીફ હોવાની શક્યતા છે. લગભગ દર 1,000 માંથી એક કે બે બાળકોને એક અથવા બંને કાનમાં સાંભળવાની તકલીફ હોય છે. આની વહેલી ખબર પડી જાય તો તમને અને તમારા બાળકને શરૂઆતથી જ સહાય અને સલાહ મળી રહે છે.

મારું બાળક અવાજનો જવાબ આપતું હોવાનું લાગે છે.

મારે મારા બાળકને બીજી વધારે તપાસ માટે લઈ જવાની જરૂર છે?

તમે અપોઈન્ટમેન્ટમાં આવો તે અગત્યનું છે. આનું કારણ એ છે કે જે બાળકોને સાંભળવાની તકલીફ હોય તેઓ સામાન્ય રીતે અમુક અવાજોનો જવાબ આપશે. જો તમારા બાળકને ખરેખર સાંભળવાની તકલીફ હોય તો તેની શક્ય તેટલી વહેલી ખબર પડી જાય તે અગત્યનું છે.

એ.બી.આર. ટેસ્ટ

ઓડિયોલોજી ક્લિનિકમાં તેઓ શું તપાસ કરશે?

જે તપાસ કરવામાં આવે છે તેમાં ત્રણ નાના સેન્સરો તમારા બાળકના માથા ઉપર મૂકવામાં આવે છે. આને 'ઓડિટરી બ્રેઈનસ્ટ્રીમ રિસ્પોન્સ (એ.બી.આર.) ટેસ્ટ' કહેવામાં આવે છે. તમારા બાળકના કાન ઉપર હેડ ફોન્સ મૂકવામાં આવે છે અને જુદા જુદા ક્લિકિંગના અવાજો વગાડવામાં આવે છે. તમારા બાળકનો કાન અવાજોનો કેટલી સારી રીતે જવાબ આપે છે તે કમ્પ્યુટર માપે છે. સામાન્ય રીતે તમારું બાળક ઊંઘતું હોય ત્યારે આ તપાસ કરવામાં આવે છે. તમારા બાળકની સાંભળવાની શક્તિ વિશે, આ તપાસથી વધારે વિગતવાર માહિતી મળી રહેશે.

આ અપોઈન્ટમેન્ટમાં સામાન્ય રીતે એકથી બે કલાક લાગે છે. આ સમયમાં તમારા બાળકને સ્વસ્થ કરીને ગોઠવવાનું પણ હોય છે. આ તપાસથી તમારા બાળકને કોઈ દુખાવો થશે નહિ કે અગવડ પડશે નહિ. જ્યારે તપાસ કરવામાં આવી રહી હોય ત્યારે તમે તમારા બાળકની સાથે રહી શકશો.

તપાસ બાદ શું થશે?

તપાસનાં પરિણામો ક્યારે મળી શકશે તે તમને તમારા ઓડિયોલોજિસ્ટ કહી શકશે. તમને જ્યારે પરિણામો મળશે ત્યારે ઓડિયોલોજી ક્લિનિક તમને તેની સમજણ પાડી શકશે. જો તમને પરિણામો વિશે કોઈ ચિંતા હોય, અથવા તમારે કોઈ પ્રશ્નો પૂછવા હોય, તો ઓડિયોલોજી ક્લિનિકનો સંપર્ક કરો. તેમનો સંપર્ક કરવાની વિગતો તમને આ પત્રિકાના અંતમાં મળી શકશે.

તપાસમાં મારા બાળકના એક અથવા બંને કાનમાંથી શક્તિશાળી જવાબો મળતા હોવાનું નોંધાય તો શું થાય છે?

આનો અર્થ એ થાય કે તમારા બાળકને સાંભળવાની તકલીફ હોવાની શક્યતાઓ નથી. પરીક્ષણ કરાયા બાદ કદાચ તમને અવાજોની પાસ યાદીઓ આપવામાં આવશે, જે અવાજો સામે તમારું બાળક જેમ મોટું થાય તેમ તેણે જવાબ આપવો જોઈએ અને તેણે કયા પ્રકારના અવાજો કરવા જોઈએ તે પણ યાદીમાં જણાવેલું હશે. તમારા હેલ્થ વિઝિટર પણ કદાચ તમને તપાસ યાદી આપી શકે. જો તમને તમારા બાળકની સાંભળવાની શક્તિ વિશે કોઈ ચિંતા હોય, તો તે વિશે તમારા હેલ્થ વિઝિટર અથવા ફેમિલિ ડૉક્ટર સાથે વાતચીત કરો. તમારા બાળકની સાંભળવાની શક્તિની કોઈ પણ ઉંમરે તપાસ કરી શકાય છે.

જો તપાસમાં હજુ પણ મારા બાળકના એક અથવા બંને કાનમાંથી શક્તિશાળી જવાબો ન નોંધાય તો?

જો આવું થશે તો પરિણામોનો અર્થ શું થાય છે તે તમને તમારા ઓડિયોલોજિસ્ટ સમજાવશે. તમારા બાળકની સાંભળવાની શક્તિ વિશે તમને ખબર પડે તે પહેલાં કદાચ બીજી વધારે તપાસ કરવાની જરૂર પડી શકે. સાંભળવાની તકલીફો જુદા જુદા પ્રકારની અને પ્રમાણમાં હોય છે. ક્લિનિકમાં કરવામાં આવેલી તપાસનાં પરિણામોથી ઓડિયોલોજિસ્ટને એ ખાતરી કરવામાં મદદ મળશે કે તમને અને તમારા બાળકને યોગ્ય મદદ અને માહિતી મળી રહે છે.

મને વધારે માહિતી ક્યાંથી મળી શકે?

તમારા બાળકની સાંભળવાની શક્તિની તપાસ વિશે જો તમને વધારે માહિતી જોઈતી હોય તો ઓડિયોલોજી ક્લિનિકનો સંપર્ક કરો. તમને તમારા હેલ્થ વિઝિટર પાસેથી પણ વધારે માહિતી મળશે.

તમે નેશનલ ડેફ ચિલ્ડ્રન્સ સોસાઈટીનો પણ સંપર્ક કરી શકો. જે માતાપિતા અને કુટુંબોને સાંભળવાની શક્તિની તપાસ અને બાળવયમાં થતી સાંભળવાની કોઈ પણ પ્રકારની તકલીફો વિશે વધારે માહિતી જોઈતી હોય તેમના માટે સોસાઈટી પાસે હેલ્પલાઈનની સગવડ છે.

નેશનલ ડેફ ચિલ્ડ્રન્સ સોસાઈટી
The National Deaf Children's Society
15 Dufferin Street
London EC1Y 8UR
મફત ફોનની હેલ્પલાઈનઃ 0808 800 8880 વોઈસ/ટેક્સ્ટ
ફેક્સઃ 020 7251 5020

જો તમે અમારી હેલ્પલાઈન સાથે ગુજરાતી અથવા બીજી કોઈ ભાષામાં વાત કરવા માગતાં હો, તો કૃપા કરીને ફોન કરીને તમારી પસંદગીની ભાષા અમને કહો અને તમારો ટેલિફોન નંબર આપો (આ તમારે અંગ્રેજીમાં કહેવું પડશે). અમે થોડી મિનિટો બાદ તમને દુભાષિયા મારફતે ફરી પાછો ફોન કરીશું.

આ વિસ્તાર નીચેના કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યો છે

NHS | NEWBORN HEARING SCREENING PROGRAMME

તમારા સ્થાનિક ક્લિનિકનો સંપર્ક કરવા માટેની વિગતોઃ

નેશનલ ચિલ્ડ્રન્સ ડેફ સોસાઈટી દ્વારા પ્રકાશિત. મફત ફોનની હેલ્પલાઈનઃ 0808 800 8880 (વોઈસ/ટેક્સ્ટ)
ઈ-મેઈલઃ helpline@ndcs.org.uk વેબસાઈટઃ www.ndcs.org.uk
© Copyright of this leaflet is the property of the department of health

February 2006